

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*ચોથી ચાલુ થાય પ્હેલાં નેતાને ચૂંથ ઉપડી છે,*
*મનપા-ચૂંટણી માટે સત્તાની ચૂંક ઉપડી છે,*
*ચૂભે છે સેવા, સત્તાની ખૂરશી વિના તરફડે -*
*લાગ્યું'તું જીભે તાળું હવે ફરી ચૂપ ઉઘડી છે.*

### હાઈકુ

*મારે છે નેતા*
*સત્તા માટે કૂદકા*
*સ્વાર્થી દેડકાં*

*થયા છે ગાંડા*
*ચૂંટણી કરાવવા*
*સત્તાની ભાંગે*

### ચિંતન

**આચાર્યા બ્રહ્મચારી બ્રહ્મચારી પ્રજાપતિ :।**
**પ્રજાપતિર્વિરાજતિ વિરાડિન્દ્રોડ ભવદ્ વશી ॥**

**ઉપરોક્ત શ્લોક અથર્વવેદમાંથી લેવામાં આવેલ છે.**

**અમારા શિક્ષક, નેતા અને અધિકારી બ્રહ્મચારી હોય. તેઓ ચારિત્ર્યભ્રષ્ટ ના હોય, નહિ તો બીજી રીતે અનર્થમૂલક અસામાજિક તત્ત્વોનો વિકાસ થશે અને રાષ્ટ્ર પતિત થઈ જશે.**

**શિક્ષક, નેતા અને અધિકરીઓ જ રાષ્ટ્રને ચલાવે છે. તેઓ જ રાષ્ટ્ર નાયક કહેવાય છે. આજકાલ આ ત્રણેય પ્રકારનાં લોકો સ્વાર્થમાં આંધળા બનીને રાષ્ટ્રને અને પોતાને પતનની ખાઈમાં નાખી દીધા છે. ચારિત્ર્યહીન શિક્ષકો પાસેથી જે જ્ઞાન વિદ્યાર્થીઓ મેળવે છે. તે ભ્રષ્ટ વિદ્યાર્થીઓ મોટા થઈને નેતા કે અધિકારી બને છે. અને પોતાનાં જ્ઞાન, વિદ્યા, બુદ્ધિનો ઉપયોગ ફક્ત પોતાનો સ્વાર્થ પૂરો કરવા માટે કરે છે. ફક્ત શ્રેષ્ઠ નેતૃત્વ જવા જેવું જોઈએ નહીં. આ ત્રણેના વિવેકહીન આચરણથી લોકશાહીમાં જનતાની કેવી દુર્દશા થઈ રહી છે. એ આપણે સૌ જોઈ રહ્યા છીએ. ભોળી જનતા આ દુરાચાર સહન કરવા માટે વિવશ બની રહી છે.**

### સુવિચાર

- બાળપણમાં જો પરિકથા નહીં જામે,
  તો ઘડપણમાં હરીકથા પણ નહીં જામે - **દેવેન્દ્ર વિઠલાણી**
- લાગણીઓના સંદર્ભમાં પતિ-પત્નિને એકબીજાનું અવલંબન કે વળગણ હોવું જ જોઈએ - **લગ્ન સૂત્ર**
- પુરુષના સ્વભાવમાં ઈર્ષ્યા કરતાં સ્પર્ધાત્મકતા વધુ હોય છે - **અખંડ આનંદ**
- પ્રામાણિકતા જાળવીને રોટલો રળનાર માણસ એટલે અડધો સાધુ - **ભૂપત વડોદરિયા**
- મૂળ સલામત હોય તો વૃક્ષ લીલુંછમ્મ રહે...
  ધર્મ સલામત હોય તો જીવન સુખમય રહે - **આચાર્ય વિજયરાજ રત્નસૂરિ**
- જીવનમાં એક મહત્ત્વની વાત યાદ રાખવી કે 'ધર્મસાધના પ્રદર્શન માટે નહીં,
  પરંતુ સ્વદર્શન માટે છે' - **બોધિવૃક્ષ**
- આજનું ઔષધ : નાગરવેલનાં પાન ઉપર દિવેલ ચોપડી નવશેકા ગરમ કરી બાળકની છાતી પર મૂકી શેક કરવાથી બાળકનો કફ છૂટો પડી જાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક શેઠને વેપાર કરવા માટે પરદેશ જવાનું થયું. પરદેશ જતાં પહેલાં તેણે પરિવારના સદસ્યોને વારાફરતી પૂછ્યું કે પરદેશથી તેમના માટે શું લાવે ? પરિવારના નાના મોટા સૌએ પોતાના માટે કંઈક વસ્તુની યાદી લખાવી. તેણે પોતાના વિશ્વાસુ નોકરને પણ પૂછ્યું નોકરે કહ્યું, 'મારા માટે સુખફળ લઈ આવજો.' શેઠનો વેપાર સફળ રહ્યો અને પરદેશથી પરત આવવા માટે તૈયાર કરી. સૌ પરિવારજનો માટે ભેટ - સોગાદોની ખરીદી કરી. નોકરે સુખફળનું કહ્યું હતું જે શોધવા માટે તેણે બજારમાં તપાસ કરી.પણ આ નામનું ફળ હોતું નથી. એવો જવાબ મળ્યો. શેઠે મંદિરમાં એક સંતને સુખફળ વિશે પૂછ્યું અને સંતે જવાબમાં કહ્યું, 'શેઠ તમને સુખ શામાં મળે છે ? જયારે ચિંતા ન હોય, પીડા ન હોય અને ભય ન હોય. સામાન્ય જીવનમાં એવી ક્ષણો ભાગ્યે જ આવે છે. તેને ચિરસ્થાયી બનાવવી હોય તો ખુદ શાસ્વત સ્વરુપની અનુભૂતિ કરવી જોઈએ. એને સાદીભાષામાં 'આત્મજ્ઞાન' કહેવાયું છે. તમારા નોકરે ખૂબ ઊંડી વાત કરી છે.' સંતનું કથન શેઠને સમજાઈ ગયું. ઘરે પરત ફરી તેમણએ નોકરને કહ્યું, 'આજથી તમે મારા દાસત્વમાંથી મુક્ત કરુ છું. તું તારી રીતે હવે ભય, પીડા, ચિંતા વિના સુખ ભોગવજે. આ જ સાચું સુખફળ છે. જેનો સ્વાદ પામીને ફરી કયારેય દુઃખ આવતું નથી.' શેઠે વિનમ્રતાથી વંદન કરી નોકરને વિદાય કર્યો.

# વિજય માટેની વ્યૂહરચના

### તંત્રીસ્થાનેથી...

ગુજરાતને સાંપડેલા રૂપાળા મુખ્યમંત્રીઓની યાદી બનાવીએ તો એમાં સૌથી અગ્રતાક્રમે ત્રણેક ચહેરા દૃષ્ટિગોચર થશે : હિતેન્દ્ર દેસાઈ, શંકરસિંહ વાઘેલા અને વિજય રુપાણી. ચહેરાની માસૂમિયત કયારેક લોકપ્રિયતામાં પરિણમતી હોય છે તો કયારેક એ નબળાઈ પણ ગણાય છે. વિજય રુપાણીનો સૌમ્ય ને સંવેદનશીલ ચહેરો 'માસ અપીલ' માટે બરાબર નથી એવી પ્રતીતિ થતાં રફ એન્ડ ટફ હાઈ કમાન્ડે એમને ચૂંટણી આવે એ પહેલાં જ રુખસદ આપી દીધી છે. ભારતીય જનતા પાર્ટીના પ્રલંબ શાસનકાળમાં એક માત્ર નરેન્દ્ર મોદી જ માનભેર મુખ્યમંત્રી પદ છોડીને વધુ મોટી જવાબદારી સ્વીકારવા રાજીનામું આપનારા મુખ્યમંત્રી ગણાય. કેશુભાઈ પટેલ તો ગુજરાતમાં ભાજપના પ્રવેશ પ્રહરી હતા. પરંતુ કચ્છના કમનસીબ ભૂકંપ તથા સાબરમતી અને સાબરકાંઠાની પેટા ચૂંટણીઓ તથા જિલ્લા-પંચાયતોની ચૂંટણીમાં નબળું પ્રદર્શન એમની હકાલપટ્ટીમાં પરિણમ્યું હતું. આનંદીબેન રફ એન્ડ ટફ રાજનીતિમાં દીક્ષિત હતા પરંતુ એમને પાટીદાર અનામત આંદોલન નડ્યું હતું. એ પછી નખશિખ સદગૃહસ્થ ("થરો જેન્ટલમેન") વણિક નેતાને ચુપેચાપ પર્યુષણના દિવસો દરમિયાન જ વિદાય થવું પડ્યું છે. ત્રણે ઘટનાઓ પાછળ નરેન્દ્ર મોદીનો પ્રચંડ પડછાયો છે. જયારે એમને પ્રતીતિ થઈ કે પિતાતુલ્ય કેશુબાપા પાર્ટીને આવનારી ચૂંટણી નહીં જિતાડી શકે ત્યારે તેઓએ એમના 'મેન્ટર' તત્કાલીન નાયબ વડાપ્રધાન લાલકૃષ્ણ અડવાણીનો ગ્રાઉન્ડ રિયાલિટીથી વાકેફ કરી પોતે જ ધુરા સંભાળી હતી. આનંદીબેન તો મોદીની જ ચોઈસ હતાં. પણ પાટીદાર આંદોલનને સંભાળી ન શક્યાં એટલે નાછૂટકે બદલવાં પડ્યાં હતાં. એમની પસંદગીના ગાદીવારસ તો નીતિન પટેલ હતા પણ તત્કાલીન રાષ્ટ્રીય અધ્યક્ષે એમની પસંદગીના જૈન વણિક નેતાને મૂકયા. રૂપાણીને એક રીતે તો મુખ્યમંત્રી પદની લોટરી જ લાગી હતી. વળી એમનાં જ નેતૃત્વમાં ચૂંટણી થઈ એમાં ઓછી બેઠકો સાથે પણ ભાજપે બહુમતી મેળવી હતી. આથી રૂપાણીએ ખાસ્સાં પાંચ વરસ જેવા લાંબા સમય સુધી ગુજરાતની સેવાનો લહાવો મળ્યો. પરંતુ સત્તા વગર લાંબો વખત નહીં રહી શકતા પાટીદાર સમાજે ફરી પાછો ઉપાડી લીધો અને સૌરાષ્ટ્રના લેઉઆ પાટીદારોના સામાજિક અગ્રણી તથા ખોડલધામના પ્રણેતા નરેશ પટેલે ખુલ્લંખુલ્લા પાટીદાર મુખ્યમંત્રી જ જોઈએ એવી જાહેર રજૂઆત પણ કરી. રૂપાણીને સૌથી વધારે નડ્યો કોરોના. કોરોનાની બીજા વેવમાં તો તંત્ર જાણે સાવ જ ખાડે ગયું હોય અને પ્રજાને એના કિસ્મત પર છોડી દેવાઈ હોય એવું વાતાવરણ સરજાયું હતું. મરનાર માણસોની સાચી સંખ્યા છુપાવીને તંત્રવાહકોએ મુખ્યમંત્રી પ્રત્યેની પ્રજાકીય વિશ્વસનીયતા તળિયે બેસાડી દીધી હતી. નાયબ મુખ્યમંત્રી જ બધું સંભાળતા હોય એવી છાપ ઊભી થઈ ગઈ હતી. શિક્ષણમાં પણ એવું જ બખડજંતર ચાલ્યું. વિધાનસભાની પેટાચૂંટણીમાં આઠે આઠ બેઠકો જીતવાનું શ્રેય નવા વરાયેલા પ્રદેશ પ્રમુખ સી આર પાટીલે ઓળવી લીધું અને અનેક બાબતોમાં મુખ્યમંત્રી કરતાં પ્રદેશ પ્રમુખ વધુ મહત્ત્વનું પદ હોવાની પ્રતીતિ પણ કરાવતા રહ્યા. સૌમ્ય પ્રકૃતિના મુખ્યમંત્રીએ આ બધું ચાલવા દીધું. હવે એમને એ પદ પરથી ઉતારી દઈ 'નવી ઊર્જા'વાળું નેતૃત્વ પાર્ટીને આગામી ચૂંટણીમાં વિજય અપાવશે એવી અપેક્ષા સેવાઈ રહી છે. પાટીદારોની વોટ બેંકમાં આમ આદમી પાર્ટી છીંડું પાડે એ પહેલાં જ એનો ઈલાજ કરતા ઉપરાંત કોંગ્રેસની વોટબેંક ગણાતી ઓબીસી વોટબેંક અને આદિવાસી તથા દલિત સમુદાયો પણ સચવાઈ જાય એવાં નવા સમીકરણ માંડીને ચૂંટણી જીતવાના એક માત્ર આશય સાથે નવું મંત્રીમંડળ રચાશે.

# ગુજરાતમાં જુગારધારાના અઢળક કેસો પેન્ડીંગ

## આજની યુવા પેઢી ઓનલાઈન જુગાર રમવામાં વ્યસ્ત



### કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

ગુજરાતમાં જુગાર એક સામાજીક બદી ગણવામાં આવે છે તેમ છતાં ભારતમાં સૌથી વધારે જુગાર ગુજરાતીઓ દ્વારા રમવામાં આવે છે. ઘણા સમય પહેલા બેંગ્લોર ખાતેથી જુગારધામના આખા નેટવર્કનો પર્દાફાશ થયો જેમાં ગુજરાતમાંથી વેપારીઓને ખાસ જુગાર રમાડવા બીજા રાજયોમાં લઈ જવામાં આવતા એક મોટા જુગાર ટુરીઝમના ધંધાનો વિકાસ થયો હતો. છેલ્લા બે વર્ષમાં જુગારના કુલ ૧૪૦૦૦ થી વધારે કેસોમાં ૧૭ કરોડથી પણ વધારે રોકડ સહિત ૫૦ કરોડથી વધારેથી મિલ્કતનો જુગાર ધારાની કલમ ૪,૫ અને ૧૨ અન્વયે ગુજરાત પોલીસે પકડેલ છે. ન્યાયાલયોમાં શ્રાવણ માસમાં જુગારધારાના કેસોનો સખ્ત ભરાવો થતો રહે છે. કાયદાની લાંબી આંટીઘૂંટીના કારણે ટેકનિકલ કારણોસર જુગારીઓ છૂટી જતા હોય છે તેમજ દાવપર લગાડેલી રકમ રાજયસાત કરવામાં આવે છે.

હવે તો કિટી પાર્ટીઓમાં ઉચ્ચ વર્ગની મહિલાઓ પણ તીનપત્તી જુગાર રમતી થયેલ છે. જયારે યુવા વર્ગ મોબાઈલ ઉપર આખો દિવસ ઓનલાઈન જુગાર રમતા જોવા મળે છે. યુવા વર્ગની સર્જનાત્મક શકિત અવળા માર્ગે વળી ગઈ છે. જુગારીનો પરિવાર યાતનાભરી જીંદગી વિતાવવા મજબુર બને છે તેમ છતાં જુગારીઓ આ લત છોડી શકતા નથી. ઉલટાનું હાર્યો જુગારી બેવડુ રમે તે યુકિત કામે લાગે છે. કોમોડીટી બજાર ઉપરનો સટ્ટો, વરસાદ ઉપર પણ સટોડીયા જુગાર રમે છે અને લાખો કરોડોની હાર-જીત પલવારમાં કરી લે છે જે સમાજ માટે ઘાતક પુરવાર થાય છે.

શ્રાવણ માસમાં તો રીતસર કલબો ખુલી જાય છે. જેમાં ઉઘાડેછાક જુગાર રમાડવામાં આવે છે. જુગારીઓને લેવા મુકવા તથા ખાવા પીવા શુધ્ધાની વ્યવસ્થા આવી કલબો પુરી પાડે છે. સૌરાષ્ટ્ર, વાવ, ડિસા અને ભાભર તથા ઉત્તર ગુજરાત સટ્ટાઓનું એપીક સેન્ટર ગણાય છે.

અમદાવાદમાં જ સ્પેશ્યલ જુગાર રમવા માટે રાજયના જુદા જુદા સ્થળેથી લોકો ખાસ આવતા હોય છે. પોલીસે દરોડાપાડી એક સાથે ૧૦૦ કે ૨૦૦ જુગારીઓ કરોડોના મુદ્દામાલ સાથે ઝડપ્યા હોય તેવા કિસ્સા અવારનવાર બહાર આવે છે.

એકતરફ પોલીસની રહેમ નજર તો બીજી બાજુ અદાલતોમાં કેસોનો ભરાવો થતા વર્ષોથી સાક્ષી પુરાવાના અભાવે કેસો પેન્ડીંગ પડી રહ્યા છે. તેમજ આવા કેસો જુગારીઓ દ્વારા ગુન્હો કબુલવામાં આવે તો પણ ઓછા દંડના કારણે દંડ ભરી જુગારીઓ છુટી જાય છે. જુગાર ધારા કલમ - ૪,૫ મુજબ આવા કેસોમાં જામીનની સત્તા પોલીસને જ હોય તોડપાણી કરી પોલીસ સ્ટેશનથી જ જુગારીઓ છુટી જતા હોય છે એટલે કાયદાની બીક ના હોવાના કારણે આ બદી દિવસે દિવસે વધુને વધુ ફુલીફાલી રહી છે.

જુગારને લગતા કેસો ઘણા લાંબા સમયથી ગુજરાતની જુદી જુદી અદાલતોમાં ચાલે છે જેનો નિર્ણય હજી સુધી આવી શકેલ નથી. હાલમાં શ્રાવણ માસ પૂર્ણ થતા જ આ કેસોમાં ઝડપી વધારો થતો જણાયો છે અને પોલીસે પોતાની કામગીરી દર્શાવવા માટે સમાજમાં દાખલો બેસાડવા માટે તથા પોતાનું નાક બચાવવા માટે પણ મોટી રેડપાડી મોટી રકમનો મુદ્દામાલ જપ્ત કરવો પડ્યો છે.

યુવા વર્ગ ઓન લાઈન જુગારના રવાડે ચઢયો છે જેમાં પોતાનું ગૃપ સિલેકટ કરી મોબાઈલમાં જ બેલેન્સ કરાવી તિનપત્તી જુગાર રમતા હોય છે. જેમાં તીનપત્તી તથા તેના જેવી બીજી અલગ અલગ ઓનલાઈન એપ્લીકેશનોનાં પ્લેટફોર્મ દ્વારા આજનો યુવા વર્ગ આવા જુગાર રમવાનાં રવાડે ચડી ગયો છે. આવા ઓનલાઈન એપ્લોકેશનોના પ્લેટફોર્મમાં જુગાર રમવાનો તથા તેમાં પકડાવવાનો ડર નહિવત હોય. આ બદી હાલમાં ખુબ જ ફુલીફાલી છે. જેના ઉપર ગુજરાત પોલીસનું સાયબર સેલ ત્વરીત પગલા નહી ભરે તો ગુજરાતના યુવાનોની સર્જનાત્મકતા અને વિકાસ ખતમ થઈ જશે જેનું પરીણામ આવનારી પેઢીને ભોગવવું પડશે. સાયબર ક્રાઈમની ફરીયાદો યુવા વર્ગ ઉપર કરી દંડ તથા કેદની સજાની જોગવાઈમાં સુધારો કરવોએ સમયની માંગ છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
info@trivediassociates.in

# સત્વમાંથી જ સ્વમાન ને મોટપ પ્રગટાવતા, હા, અમે જ તો છીએ કોરી પાટીના માણહ..!

**સ્વમાન ના ખુદ જ સારથી, નેકીના રાહદારી**
**ધરમના મરમ રાખતા હૈયે, કરમના પૂજારી**
**ટીકા-ટીપ્પણ અવગણતા, સત્કર્મના ખબરી**
**હા..હા, અમે તો રહ્યા કોરી પાટીના માણહ**
**ઉંચ-નીચ તણા માપદંડ અમારા અલાયદા**
**વિવેક-આમન્યા તણી, સરહદના રખવૈયા**
**સત્વ માંથી જ સ્વમાન ને મોટપ પ્રગટાવતા**
**હા, અમે જ તો છીએ કોરી પાટીના માણહ....!**

**- નિમિષ**



### WhatsApp ઓફ ધી વીક

નેહલ ગઢવી

કોરોના, મહામારી, વૈશ્વિક મંદી, લોકોમાં અજંપો, બેચેની અને અસંતોષ આજે આપણે ચરમચીમાએ પહોંચેલો જોઈ રહ્યા છીએ; અનુભવી રહ્યા છીએ. એવા આ સમયમાં આપણે જરૂર છે એક સંવેદનશીલ અને ભાવનાઓથી તરબતર ભરેલા લોકસમૂહની ! એવી જ એક વાત અહીં પ્રસ્તુત છે :

સૌરાષ્ટ્રમાં લીંબુડા નામે નાનું ગામ છે. બ્રહ્મનિષ્ઠ નથુરામ શર્મા એ ગામે થોડો કાળ શિક્ષક તરીકે રહેલા, તેથી તે કંઈક જાણીતું થયું છે. એ ગામમાં ૧૮૦૦ની આસપાસમાં અહિચ્છત્ર જ્ઞાતિનું એક જ ખોરડું હતું. ઘરમાં બે માણસો : એક સાઈબાસઠ વર્ષની ડોશી ને બીજો તે ડોશીના દીકરાનો દીકરો, જેની ઉંમર પાંચ સાત વર્ષની હશે. ડોશીનાં વહુ દીકરો બે વર્ષ પહેલાં ગુજરી ગયેલાં. સીમમાં ચાર ખેતરમાં લાગો હતો, તે આજીવિકાનું સાધન હતું.

એ વખતે, ફાગણ-ચૈત્રની એક સાંજે, ડોશીના સાત-આઠ જ્ઞાતિભાઈઓ ચાર ધામની યાત્રા કરીને પાછાં ફરતાં, જૂનાગઢથી પોરબંદર જતાં, રસ્તામાં લીંબુડે રાત રહેવા માટે આવ્યા. ઘેર આવી યાત્રાળુઓએ પૂછ્યું, "છોકરા, તારી ડોશી ક્યાં છે,

"બહાર ગયાં છે, સાંજે આવશે." છોકરાએ જવાબ દીધો.

યાત્રાળુઓએ પોતાની પાસેથી પ્રસાદ કાઢી ઘરમાંથી થાળી મંગાવીને તેમાં આપ્યો ને કહ્યું, "છોકરા, કે' જે તારી ડોશીને કે આ ચાર ધામની જાત્રાનો પ્રસાદ છે."

આમ કહી યાત્રાળુઓ પાછા ફર્યા. દિવસ હજી હતો, એટલે એકાદ આગળને ગામે રહેવાનો તેમનો વિચાર હતો. પાદરે નદી ઓળંગી એ લોકો જ્યાં આગળ ચાલ્યા, ત્યાં ઘઉં ભરેલા ગાડા પર બેસી ડોશી સીમમાંથી આવતાં સામાં મળ્યાં. ડોશીએ યાત્રાળુઓને ઓળખ્યા, કહ્યું: "જાત્રા કરીને આવો છો, તેથી એમ ને એમ પાદર વળોટીને નહીં જાવા દઉં; હાલો પાછા."

યાત્રાળુઓએ કહ્યું, "પ્રસાદ ઘેર દીધો છે, કંઠી પણ છે. સારું થયું તમે મળી ગયાં. હવે જઈએ કે જેથી કાલ વે'લા પોરબંદર ભેળા થઈએ."

"હવે જવાય છે..." ડોશીએ કહ્યું, "તમે જાત્રા કરીને આવ્યા, ને મારે આંગણેથી એમ ને એમ જાવા દઉં તો મને પાપ લાગે. હાલો પાછા. જમી, રાત વિસામો લઈ, સવારે જાજો."

યાત્રાળુઓ માટે ડોશીને લાડુ કરવા હતા. પૂરતો લોટ હતો નહીં, તેથી દળવા બેઠાં. યાત્રાળુઓએ કહ્યું, "ખીચડી કરી નાખો – ખાધે હળવી."

ડોશીએ કહ્યું, "આજ આ ઘેર ખીચડી ન ખવાય."

"પણ તમે માંદા રહો છો; કાંઈક થાય તો કાળી ટીલી અમને લાગે."

"કાંઈ ન લાગે." ડોશીએ કહ્યું. "ઊલટું મારાં એવાં પુન્ય ક્યાંથી કે તમે જાત્રા કરીને આવો છો ત્યાં તમારે ખભે ચડીને જાઉં ?"

ઘંટીનો અવાજ સાંભળી પાડોશણ આવી; કહ્યું: "મા, મારે ઘેરથી લોટ લાવી છું. અત્યારે થાક્યાંપાક્યાં દળવું રહેવા દો.",

ડોશીએ કહ્યું, "મારે ઘેર ચાર ધામના જાત્રાળુ ક્યાંથી ? ને હું હવે કેટલા દી? મારા મોરાર માટે મને આજ તો પુન્ય રળવા દો."

"લાવો, હું દળું," પાડોશણે કહ્યું.

"તું દળે તો મને શાનું પુન્ય મળે ?

ત્યારે પાડોશણે કહ્યું, "મને તમે પછી દળીને લોટ આપજો; પણ અત્યારે તો આ મારો લોટ રાખો."

ડોશીએ ના કહી; કહ્યું. "નવા ઘઉંના લાડુ ખવરાવું, તો મારા જીવને શાતા રહે."

ને ડોશીએ સામટા ઘઉં દળ્યા. બાટી કરી. જાતે ખાંડી લાડુ વાળ્યા ને તાણ કરી કરી ખવડાવ્યા. યાત્રાળુઓ પાસે બેસી ડોશીએ ચાર ધામની યાત્રાની વાતો સાંભળી. સહુને પગે લાગ્યાં. રાતે સહુ સૂતાં ને અચાનક ડોશીને છાતીમાં દુખવા આવ્યું. બધા જાગીને ઉપચાર કરે તે પહેલાં તો ડોશી ગુજરી ગયાં.

યાત્રાળુઓએ ડોશીની અંતિમક્રિયા કરી.

સ્મશાનેથી સહુ પાછા આવ્યા ને જોયું તો ઓસરીની થાંભલીને બથ ભરીને છોકરો મોરાર છાતી ફાટ રોતો હતો. પાડોશણ બાઈ તેને છાનો રાખવા મહેનત કરતી હતી, તેમ તેમ છોકરાનું રુદન બેવડાતું હતું.

આ જોઈ યાત્રાળુઓમાંથી એકે કહ્યું, "આપણે તો જશું, પણ આ છોકરાનું શું ? એનું કોણ ?"

પ્રશ્ન સાંભળીને હાટીના માળિયાવાળા શાસ્ત્રી ધનેશ્વર ડેલીની બહાર નીકળ્યા. સ્મશાનેથી આવી હજી ધોતિયું બદલ્યું ન હતું.

શાસ્ત્રીએ પાડોશીને ઘરે જઈ કહ્યું, "કોઈ બહેન કંકાવટી લઈને આવો ને !"

પાડોશીને નવાઈ લાગી. પણ તેણે છોકરીને કંકાવટી લઈને મોકલી. ધનેશ્વરે ઓરડામાંથી બાજોઠ મગાવી, ઓસરીમાં ઢાળી, પાંચ-સાત વર્ષના મોરારને પાણી પાઈ બાજોઠે બેસાડ્યો. બીજાઓ પૂછવા લાગ્યા કે, આ શું થાય છે ? ત્યાં ધનેશ્વરે પાડોશણ બાઈને હાથે મોરારના કપાળે ચાંદલો કરાવ્યો ને કહ્યું : "મારી નંદા નામની એકની એક છોકરી આ છોકરાને છોકરા, તારું નામ શું ?

"મોરાર." પાડોશણે કહ્યું ને છોકરાએ તે ફરી ઉચ્ચાર્યું.

ધનેશ્વરે કહ્યું, "મારી છોકરી નંદા આ છોકરા મોરારજીને આપી, ને જેશંકર વ્યાસને ખોળે બેસાડી."

એ જ વખતે ગોળધાણા મંગાવી વહેંચાવ્યા. બાળક મોરારને ધનેશ્વર પોતાની સાથે લઈ ગયા.

શાસ્ત્રી ધનેશ્વરે છોકરાને પોતાને ત્યાં રાખ્યો, ભણાવ્યો ને પરણાવી પાછો લીંબુડે સ્થિર કર્યો ત્યાં સુધી લીંબુડાના ઘર ખેતરનીયે સંભાળ લીધી.

**- મુકુન્દરાય પારાશર્ય**

**Last Seen :**

જેવું જે મળે તે એમ જ સ્વીકારી લેવાની આજ્ઞા બરાબર પાળું છું..
ફકિર છું - મારી ફિકર તું કરે તો દરકાર નિર્દોષ જીવની હું ય કરું છું
કોઈ સંત મહાત્મા કે મહાવીર દાનવીર નો દાવો નથી કરવો-
તું રાખે તેમ જીવું છું માણસાઈ નિભાવવાનો પ્રયાસ કરું છું -

**- હેઝલ જેમ્સ**

- nehalgadhavi101@gmail.com

# ગુજરાતના નવા મુખ્યમંત્રી આરોગ્ય ક્ષેત્રે આટલું કરે તો આખું ભારત તેમાંથી પ્રેરણા લે



### નવી સવાર

રમેશ તન્ના

ગુજરાતના નવા મુખ્યમંત્રીનું મુખ્ય લક્ષ્યાંક ૨૦૨૨ના અંતમાં થનારી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપના શાસનને બરકરાર રાખવાનું છે. આમ તો ગુજરાતમાં અનેક ક્ષેત્રોમાં ઘણું કામ કરવાની આવશ્યકતા છે, પણ ૧૫ મહિના એટલે કે સવા વર્ષમાં નવા મુખ્યમંત્રી ધારે તો આરોગ્ય ક્ષેત્રે નમૂનેદાર કામ કરીને ભાજપની કુલ ૨૫ વર્ષ અને સળંગ ૨૩ વર્ષથી ચાલતી સરકાર યથાવત રહે. (ગુજરાતમાં માર્ચ, ૧૯૯૮થી સળંગ ભાજપા સત્તા પર છે.)

ગુજરાત ભારતનું સુખી અને બે પાંદડે થયેલું રાજ્ય છે. ઔદ્યોગિક રીતે ગુજરાત પહેલા-બીજા નંબરે રહે છે. ગુજરાતની ગૌરવવંતી અને પરાક્રમી-વિક્રમી યાદી મોટી છે, પણ આરોગ્ય ક્ષેત્રે ગુજરાતની સ્થિતિ નબળી છે. કોઈ પણ આફત અવસર લઈને જ જન્મે છે. કોરોનાની આફતમાંથી બોધપાઠ લઈને ગુજરાતે આરોગ્ય ક્ષેત્રે એવું નમૂનેદાર કામ કરવાની જરૂર છે કે ગુજરાત નિરામય બને.

જ્યારથી રાજ્ય તંત્રએ આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે પોતાની જવાબદારી સીમિત કરીને, હાથ ઊંચા કરી દીધા છે ત્યારથી આ બન્ને ક્ષેત્રોની અવદશા થઈ છે. લોકો હેરાન-પરેશાન થઈ રહ્યા છે. લોકોની અવદશા થઈ છે. ખરેખર તો ગુજરાત સરકારે, સહેજ પણ સમય વેડફ્યા વિના આ બન્ને ક્ષેત્રોને તાત્કાલિક સરખાં કરવાની જરૂર છે.

ભારતનાં ૩૧ રાજ્યોમાં આરોગ્ય ક્ષેત્રે ગુજરાતનો ક્રમાંક ૧૫મો છે. ૨૦૨૦-૨૧ના બજેટમાં ગુજરાતે આરોગ્ય માટે માત્ર ૫.૨ ટકા રકમ જ ફાળવી હતી. (દિલ્હી રાજ્ય સૌથી વધુ બજેટની ૧૨ ટકા રકમ આરોગ્ય ક્ષેત્ર પાછળ વાપરે છે.) ગુજરાત સરકારે ૨,૧૭,૨૮૭.૨૪ કરોડમાં થી માત્ર ૧૧,૨૪૩ કરોડ રુપિયા જ આરોગ્ય પાછળ ફાળવ્યા હતા. જન્મદર, બાળમૃત્યુ દર, હોસ્પિટલોની સંખ્યા અને ગુણવત્તા, માથાદીઠ ડોકટરોની સંખ્યા, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની ગુણવત્તા.. અનેક બાબતો એવી છે કે ગુજરાતમાં પરિસ્થિતિને સુધારવી જ પડે તેમ છે.

કોરોના પછી સમગ્ર વિશ્વમાં આરોગ્યના વિષયમાં જબરજસ્ત જાગૃતિ આવી છે. જો લોકો માટે આરોગ્યનો વિષય મહત્ત્વનો બન્યો હોય તો સરકારો માટે પણ એ વિષય મહત્ત્વનો બનવો જ જોઈએ. ગુજરાતે આરોગ્યની બાબતમાં તાત્કાલિક અનેક નવી યોજનાઓ કરીને તેનો અમલ કરવા જેવો છે.

૧. સૌ પ્રથમ તો કોરોનાની રસીકરણનું કામ યુદ્ધના ધોરણે ગુજરાતમાં પૂર્ણ કરવું જોઈએ. બીજાં રાજ્યો સાથેની સરખામણી કરવાનું કામ તો મીડિયાનું છે, સરકારનું નહીં જ. સરકારે તો એક જ લીટીનો એજન્ડા રાખવો જોઈએ: ૧૦૦ વેક્સિનેશન. મન હોય તો માળવે જવાય. જે સંજોગો મળ્યા છે તે સંજોગોમાં ગુજરાતની નવી સરકારે આ કામ કરીને બીજાં રાજ્યોની આગેવાની લેવી જોઈએ.

૨. ખાસ જોગવાઈ કરીને ગુજરાત સરકારે આરોગ્ય માટે, ૧૫ મહિના માટે મોટું, તોતિંગ બજેટ ફાળવવું જોઈએ. આરોગ્યના ક્ષેત્રને વિશેષ દરજ્જો આપવો જોઈએ. પહેલું કામ સાજા થવાનું. પ્રાથમિકતા લોકોને સાજા કરવાની.

૩. ગુજરાતમાં સરકારી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો છે પણ મોટા ભાગનાં માંદાં છે. આ આરોગ્ય કેન્દ્રોની જ સારવાર કરવી પડે તેવી હાલત છે. ગુજરાતના તમામ ૨૨૫ તાલુકાઓમાં અદ્યતન સારવાર કેન્દ્રો ખોલવાં જોઈએ.

૪. આરોગ્ય ક્ષેત્રે વિશ્વ અત્યંત ગંભીર બન્યું છે. કેટલાક દેશો તો ક્યાંના ક્યાં પહોંચી ગયા છે અને હજી આપણે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં જ રચ્યા પચ્યા છીએ. વળી, એનાં પણ ઠેકાણાં નથી. આ સ્થિતિ બદલવી જ જોઈએ. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું નામ જ બદલી નાખવું જોઈએ. એને બદલે આરોગ્ય મંદિર કે મેડિકલ સેન્ટર નામ આપીને, શક્ય તેટલી મેડિકલ સુવિધા ઊભી કરવી જોઈએ. દિલ્હી રાજ્યના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની સફળતાના પાયામાં મહોલ્લા ક્લિનિક છે. સારા કામનું અનુસરણ કરવામાં સહેજે નાનમ ના રાખવી જોઈએ.

૫. ગુજરાતે લોકોને સાજા કરવા કરતાં લોકોને સાજા રાખવાની નીતિ-રીતિ અખત્યાર કરવી જોઈએ. આ બાબતમાં કોઈ ગંભીરતાથી વિચારતું જ નથી. કોઈ પણ પ્રદેશે એવી જીવનશૈલી અને વાતાવરણ ઊભું કરવું જોઈએ કે લોકો ઓછામાં ઓછા માંદા પડે. ગુજરાતમાં કુદરતી ઉપચાર અને આયુર્વેદનો પદ્ધતિસરનો મહત્તમ પ્રસાર કરવા જેવો છે. ગુજરાતમાં અત્યારે ગણીને માંડ ૨૦-૨૨ કુદરતી ઉપચાર કેન્દ્રો છે. ખરેખર તો ગુજરાતના તમામ તાલુકાઓમાં એક-એક કુદરતી ઉપચાર કેન્દ્ર શરૂ કરવાની જરૂર છે. લોકો આરોગ્યનું મહત્ત્વ સમજે, સાજા કેવી રીતે રહેવાય અને માંદા કેવી રીતે ના પડાય તે શીખી જાય તો (ઘેર બેઠાં) ગંગા નાહ્યા. આ બધુ આરામથી કરી શકાય તેમ છે. અને કરવું જ જોઈએ. કોઈ પણ સમસ્યાના ઉકેલ માટે તેના મૂળ પર જ પ્રહાર કરવો જોઈએ.

૬. નવા મુખ્યમંત્રીએ ગુજરાતનાં તમામ તાલુકાનાં મથકોએ તબીબી સારવારનાં એવાં કેન્દ્રો કરવાં જોઈએ જ્યાં ગરીબો અને મધ્યમવર્ગના લોકોને સન્માન સાથે, એક પણ પૈસો ચૂકવ્યા વિના સારવાર મળે. હા, ભાઈ હા, આવી અનેક યોજનાઓ અમલમાં છે તેની આ લખનારને ખબર છે, પણ યોજનાઓ હોવી અને તેનો અસરકારક અમલ થવો એ બન્નેમાં જમીન-આસમાનનો, ઘણી વખત તો તેનાથી પણ ? વધારે મોટો ફરક હોય છે.

૭. અમેરિકા સહિત વિશ્વના ઘણા વિકસિત દેશોમાં મૂળ ગુજરાતના અનેક નામાંકિત ડોકટરો છે. એ ડોકટરોની પ્રતિભાનો ગુજરાતે લાભ લેવો જોઈએ.

આ વિષય પર ઘણી લાંબી ચર્ચા થઈ શકે, પણ સો વાતની એક જ વાત કહેવાની કે આરોગ્ય ક્ષેત્રે જો અસરકારક કામગીરી થાય તો ગુજરાત નિરામય બને, બીજાંને તેમાંથી પ્રેરણા મળે અને ભાજપને ડિસેમ્બર, ૨૦૨૨માં જીતવામાં સહેજે તકલીફ ના પડે.. આ તેણે પહેલાં આ કામ કરવું પડે.

**છાંયડો:**

**જે પ્રદેશનું આરોગ્ય નબળું હોય તે પ્રદેશને ના તો સુખી કહી શકાય કે ના તો સમૃદ્ધ.**